# રાજ્યભરમાં કોરોના ફરીથી બેકાબૂ, નવા ૫૮૧ કેસ

## રાજ્યમાં ૨૪ કલાકમાં બે વ્યક્તિના મોત : અત્યાર સુધીમાં કુલ ૨૬૬૭૬૬ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૧૦૮૨૨૬નું રસીકરણ પૂર્ણ થઇ ચુક્યું છે

ગાંધીનગર, તા. ૯ રાજ્યમાં કોરોના વાયરસનું સંક્રમણનું પ્રમાણ ધીરે ધીરે ફરી વધી રહ્યું હતો તેવું લાગી રહ્યું છે. ત્યારે આજે રાજ્યના વિવિધ જિલ્લામાં કુલ ૫૮૧ દર્દીઓ નોંધાયા હતા. તેની સામે ૪૫૩ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. જ્યારે રાજ્યમાં આજે બે વ્યક્તિના કોરોનાથી મોત નિપજ્યાં છે. જો કે, રાજ્યમાં કુલ ૨,૬૬,૭૬૬ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં દર્દીઓનો સાજા થવાનો દર ૯૭.૧૭ થઈ ચુક્યો છે. આ ઉપરાંત ૧,૦૮,૨૨૬ વ્યક્તિઓનું રસીકરણ પુર્ણ થઈ ચુક્યું છે.

અત્યાર સુધીમાં કુલ ૧૬,૫૩,૭૦૫ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૩,૮૫,૭૦૯ વ્યક્તિઓના બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થયું છે. આજે ૬૦ વર્ષથી વધુ વયના તેમજ ૪૫ થી ૬૦ વર્ષના ગંભીર બિમારી ધરાવતા કુલ ૧,૩૦,૪૨૬ વ્યક્તિઓનું રસીકરણ કરાયું. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીના કારણે ગંભીર આડઅસર જોવા મળી નથી.

રાજ્ય સરકારના આરોગ્ય વિભાગની અસરકારક અને પરિણામલક્ષી કામગીરીના પરિણામે અને કોરોનાના કેસો કાબુમાં આવ્યા હતા. જો કે હવે ફરી એકવાર કોરોનાની સ્થિતિ ગંભીર બની રહી છે. રાજ્યમાં અરવલ્લી, બોટાદ, ડાંગ અને પોરબંદર એમ કુલ ૦૪ જીલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયેલ નથી. રાજ્યમાં કોવિડ-૧૯ ના ૫૮૧ દર્દીઓ નોંધાયા છે. અને રાજ્યભરમાંથી ૪૫૩ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે. આ સાથે જ રાજ્યનો રીકવરી રેટ ૯૭.૧૭ ટકા જેટલો છે. આરોગ્ય વિભાગની સતત કામગીરીના કારણે ૨,૬૬,૭૬૬ કુલ લોકોએ કોરોનાને મ્હાત આપી છે.

જો રાજ્યમાં એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૩૩૩૮ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૪૩ છે. જ્યારે ૩૨૯૫ લોકો સ્ટેબલ છે. ૨,૬૬,૭૬૬ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ૪,૪૧૮ લોકોનાં મોત નિપજ્યા છે. આજે કોરોનાને કારણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ૧, વડોદરા કોર્પોરેશનનાં ૧ સહિત ગુજરાતમાં કુલ ૨ લોકોનાં મોત નિપજ્યાં છે.

## સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૧.૬૪ લાખ હેક્ટરમાં ઘઉંનો પાક તૈયાર, કાપણીનો ધમધમાટ

### ટેકાના ભાવે ઘઉં વેચવા નોંધણી શરૂ, ૨૦ કી.ગ્રામના રૂા.૩૯૫

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સંપન્ન થયા પછી ખેતરોમાં પાક લણનીનો ધમધમાટ શરૂ થયો છે. બંન્ને જિલ્લામાં આ વર્ષે ખેડૂતોએ સારા ઉત્પાદનની આશા સાથે કુલ-૧,૬૪,૯૩૩ હેક્ટર જમીનમાં ઘઉંનું વાવેતર કર્યું હતું. સમયસર સિંચાઈના પાણી અને રાસાયણિક ખાતરના છંટકાવથી ઘઉંનો પાક તૈયાર થઈ ગયો છે. સરકારે પણ સીઝનમાં ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવા માટે નોંધણી શરૂ કરી છે. જેમાં ૨૦ કી.ગ્રામ ઘઉંનો રૂા.૩૯૫ ટેકાનો ભાવ જાહેર કરાયો છે જે ખેડૂતો ટેકાના ભાવે ઘઉં વેચવા ઈચ્છતા હોય તેમને ૩૧ માર્ચ સુધી ઓનલાઈન નોંધણી કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ખેડૂતોને વિવિધ ખેત ઉપજના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે તંત્ર દ્વારા સીઝનમાં ટેકાના ભાવે ખરીદી કરવામાં આવતી હોય છે. રાજ્ય સરકાર દ્વારા દરેક જિલ્લા સાથે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં રવી સીઝન-૨૦૨૧ અંતર્ગત ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવા માટેની જાહેરાત કરવામાં આવી છે. જિલ્લામાં ૧૫ માર્ચથી પુરવઠા નિગમના ગોડાઉન કેન્દ્રો ખાતે સીધી ખરીદી થાય તે રીતે આયોજન ગોઠવવામાં આવ્યું છે. સરકારે જાહેર કરેલા ટેકાના ભાવઅપૂરતા હોવાથી ભાવ મુદ્દે ખેડૂતોમાં જોવા મળતી નારાજગી જાહેરમાં આવી શકે છે. ૩૧ માર્ચ સુધી જિલ્લાના ખેડૂતો પાસેથી ઘઉંની ખરીદી કરવા માટે નોંધણી આવશ્યક બનાવવામાં આવી છે. જિલ્લામાં નાગરિક પુરવઠા નિગમના ગોડાઉન તેમજ ગ્રામ્ય કક્ષાએ વી.સી.ઈ. મારફતે ખેડૂતો નોંધણી કરાવી શકશે. આ વર્ષે ખેડૂતોએ સારા ઉત્પાદનની સાથે પોષણક્ષમ ભાવની આશા રાખી ઘઉંનું મોટાપાયે વાવેતર કર્યું છે જેમાં સાબરકાંઠા જિલ્લામાં ૯૪,૧૩૯ તેમજ અરવલ્લી જિલ્લામાં ૭૦,૭૯૪ હેક્ટર જમીનમાં ઘઉંની વાવણી થયા પછી પાક તૈયાર થઈ જતાં કાપણીનો ધમધમાટ શરૂ થવાથી બંન્ને જિલ્લાના ખેતસીમાડા ખેડૂતો અને ખેતમજૂરોની હાજરીથી ધમધમી ઉઠ્યા છે.





## પૂજ્ય મોરારીબાપુએ કોરોનાની રસી લીધી

પૂજ્ય મોરારીબાપૂએ આજે સાવરકુંડલામાં લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે કોરોનાની રસી લીધી હતી. આ પ્રસંગે પૂજ્ય બાપૂએ મહામારીને નિયંત્રણમાં લેવાના સરકારના પ્રયાસોમાં જાહેર જનતાને સામેલ થવા અપીલ કરી હતી. વધુમાં રસીકરણ વિશે લોકોમાં ગેરસમજ ન ફેલાય, વધુ સંખ્યામાં લોકો રસી લઈને રાષ્ટ્રીય કામમાં સહયોગ આપે તેવી પણ ઈચ્છા વ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે સરકારના દેશવ્યાપી રસીકરણ કાર્યક્રમને લોકો તરફથી ખૂબજ સકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે ત્યારે પૂજ્ય બાપૂએ એક જવાબદાર વ્યક્તિ તરીકે આજે રસી લેતાં વધુ લોકોને કોરોનાની રસી લેવા માટે પ્રેરણા મળી રહેશે તેવી આશા છે.

## સમાચાર રફતાર

- હરિયાણા સરકાર સામે અવિશ્વાસનો પ્રસ્તાવ રજૂ થયો, બુધવારે ફલોર ટેસ્ટ.
- પશ્ચિમ બંગાળના પરગણા જિલ્લામંથી પોલીસે ૨૦૦ ક્રુડ બોમ્બ જપ્ત કર્યા.
- મુંબઈમાં ફરીથી લોકડાઉન આવવાની શક્યતા.
- ઝારખંડ વિધાનસભાના કોંગ્રેસી ધારાસભ્ય અંબા પ્રસાદ પેટ્રોલ-ડીઝલના ભાવ-વધારાના વિરોધમાં ઘોડે ચઢી વિધાનસભા પહોંચ્યા.
- જાણીતા અભિનેતા રણવીર કપૂર અને જાણીતા નિર્માતા સંજયલીલા ભણસાલી કોરોનાગ્રસ્ત થયા.
- ગંગુબાઈ કાઠિવાડીનું શુટીંગ અટકી પડ્યુ.
- જામનગરમાં દેશી તમંચા સાથે બે કારતુસ ઝડપાયા.
- દ્વારકાનું જગત મંદિર હોળી-ધુળેટીએ બંધ રહેશે.
- મુકેશ અંબાણીના ઘર પાસેથી મળેલા વિસ્ફોટકોની તપાસ એનઆઈએને સોંપાઈ.
- સી-વોટર અને ટાઈમ્સ નાઉનો બંગાળનો પહેલો ઓપીનિયન જાહેર થયો, ભાજપને ૧૦૭ અને ટીએમસીને ૧૫૪ બેઠકોનો અંદાજ.
- ગુજરાતમાં અત્યાર સુધી ૧૭.૫૦ લાખનુ રસીકરણ.
- મહારાષ્ટ્રમાં ઉધ્ધવ સરકારે ખેડૂતોની ત્રણ લાખ સુધીની લોનનું વ્યાજ માફ કર્યુ.
- રાજ્યમાં ત્રણ વર્ષમાં ૧.૨૫ લાખની ભરતી કરાશે.
- મમતા બેનર્જી સિંગુર કે નંદીગ્રામથી ચૂંટણી લડી શકે છે.
- સુરત મહાનગર પાલિકાએ કેટલીક શાળાઓ અને કોમર્શિયલ કોમ્પલેક્ષ સીલ કર્યા.

## ડીસા તાલુકા સંઘના પૂર્વ ચેરમેન સામે ઉચાપતની ફરિયાદ

ડીસા, તા. ૯ ડીસા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘના વહીવટની ચાલતી તપાસ અને અગાઉ થયેલા હુકમો બાદ ચોંકાવનારો ઘટનાક્રમ સામે આવ્યો છે. અગાઉની બોડીને વિખેરી સરકારના જીલ્લા રજીસ્ટ્રારના પત્રથી નવિન સમિતિએ કાર્યભાર સંભાળ્યાં બાદ મોટી કાર્યવાહી સામે આવી છે. પૂર્વ ચેરમેન વિરૂધ્ધ કરોડોની રકમની ગેરરીતિ પ્રાથમિક દ્રષ્ટ્રિએ સિધ્ધ કરી ફરીયાદ દાખલ કરવાનો હુકમ થયો હતો. જેને લઈ હાલના મેનેજરે ખરીદ-વેચાણ સંઘના પૂર્વ ચેરમેન વિરૂધ્ધ ડીસા દક્ષિણ પોલીસ મથકે ગુનો નોંધાવતાં ખળભળાટ મચી ગયો છે.

## પાલનપુર- આબુ હાઈવે ઉપર ફરી બે ટ્રક વચ્ચે ટક્કર

બનાસકાંઠા જિલ્લામાં અકસ્માતમાં દિનપ્રતિદિન વધારો થતો જોવા મળી રહ્યો છે. બનાસકાંઠા



પાલનપુર-આબુરોડ હાઈવે બાલારામ બ્રિજનું સમારકામ હોવાથી ડાઈવર્જન આપવામા આવેલું છે. જેથી બાલારામ બ્રીજ ના આજુબાજુ અવારનવાર ડ્રાઈવરો ઓવરટેક ના કારણે અકસ્માત સર્જાતા હોઈ છે.

બે દિવસ અગાઉ બ્રીજ નજીક બે ટ્રક સામસામે ટકરાતા બન્ને ટ્રક ડ્રાઈવર ટ્રકમાં ફસાઈ ગયા પોલીસ તેમજ એલ.એન્ડ. ટી વિભાગ દ્વારા ભારે મેહનત બાદ નીકળવામાં આવ્યો હતો તેને લઈ હાઈવે પર લાંબી કિલોમીટર સુધી વાહનોની લાઈનો લાગી હતી આજે ફરી બાલારામ બ્રીજ નજીક ઓવરટેક ના કારણે બે ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો બંને ટ્રક સામસામે ટકરતા બંને ડ્રાઈવરો ફસાઈ ગયા હતા પોલીસ તેમજ એલ.એન્ડ.ટી વિભાગ ને ઘટના ની જાણ થતાં ઘટના સ્થળ પર દોડી આવી હતી અને બંને ફસાયેલ ડ્રાઈવરો મેં ભારે જહેમત બાદ નીકળ્યા હતા.

### પોન્ઝી સ્કિમમાં... ● ત્રીજા પાનાનું ચાલુ

કુલ રૂ. ૧૨,૩૯,૪૩૧ રૂપીયા પરત આપવામાં આવ્યા હતા. નિતીરાજભાઈએ પણ મિત્રોમાં લોભામણી સ્કિમ અંગે વાત કરી હતી. કંપનીનો ડિરેકટર્સ ફરીયાદીનો વિશ્વાક કેળવી ગાંધીનગરમાં ઓફિસ શરુ કરી તેનું સંચાલન કરવા ઓફર કરી હતી. નિતીરાજભાઈએ ગત જુલાઈ ૨૦૧૯માં કુડાસણ સ્થિત ઉગતી કોર્પોરેટ પાર્કમાં એફએકસબુલ્સ નામે સબ બ્રાંચ શરુ કરી હતી. નિતીરાજ ભાઈ અને જાણીતા અન્ય મિત્રોનું કુલ રૂ. ૩,૫૪, ૮૦, ૭૫૪ રૂપીયાનું રોકાણ કંપનીમાં થઈ ગયું હતું. અઢળક રૂપીયાના રોકાણ બાદ કંપની દ્વારા મહિનાઓ સુધી પૈસા પરત ન કરતા નિતીરાજભાઈને છેતરાયાની શંકા થઈ હતી. જેથી તેઓ ઓગસ્ટ ૨૦૨૦ માં ઓફિસ બંધ કરી હતી. નિતીરાજભાઈ મહેસાણાની હેડ ઓફિસ ખાતે પૈસાની ઉઘરાણી માટે પહોંચ્યા હતા. તે સમયે એફએકસ બુલનું બોર્ડ ઉતરી એ.સી.અગ્રવાલ નામે શેરબ્રોકર ઓફિસનું બોર્ડ લાગ્યું હતું.જેથી તેઓ કંપનીના સંચાલકોને મળતા તેઓએ એફ એકસ બુલ્સ લીગલ ન હોવાથી પોલીસને રડારમાં આવતા ઓફિસનું નામ બદલ્યું હતું. તેઓએ લોકડાઉનના કારણે વિદેશમાં રૂપીયા ફસાયા હોવાનું વાત કરી ટુંક સમયમાં પૈસા આપવાનો વાયદો કર્યો હતો. ત્યારબાદ તેમણે ભાગીદાર ઉમેશ પટેલ, પૈસા આપવાનો હોવાની વાત કરી સમજુતી કરાર બતાવ્યો હતો.પરંતુ આજદિન સુધી રૂપીયા પરત ન આવતા તેઓએ મહેસાણાના પ્રદિપ સલુભાઈ ચૌધરી (સંતોષનગર વિસનગર), ઈશ્વરભાઈ હેન્દુભાઈ ચૌધરી(ત્રિમુર્તિ સોસાયટી એરોડ્રામ) દિક્ષિત કુમાર કાંતિલાલ મિસ્ત્રી (તીરૂપતિ ટાઉનશીપ) તેમજ અમદાવાદના ઉમેશ કાંતિલાલ પટેલ (શ્રીજી પ્રકાશનગર સોસા.ચાંદખેડા) સામે વિશ્વાસઘાત-છેતરપિંડી ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.જયારે પ્રદિપ ચૌધરી અને દિક્ષિત મિસ્ત્રી સામે ઈડર પોલીસ મથક ખાતે પણ રૂ.૧૪ લાખની છેતરપિંડીનો ગુનો નોંધાયો છે. આ ગુનામાં ઈડર પોલીસે આ બે આરોપીની ધરપકડ કરી છે. જેથી ટ્રાન્સફર વોરંટના આધારે ઈડરથી આ બે આરોપીની ધરપકડ કરી ગાંધીનગર ખાતે લાવી પુછપરછ કરવામાં આવશે.

### ૧૪ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે અને તંત્રએ સઘન સર્વેલન્સની કડક તાકીદ કરી હોવાનું જાણવા મળેલ છે. ગાંધીનગર તાલુકામાં કુડાસણ ગામેથી એક જ પરિવારના ૪ સભ્યોનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત રાંદેસણ ગામેથી પણ બે કેસ મળી આવ્યા છે અને અડાલજ ગામેથી એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અડાલજની મહિલાને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. કલોલ તાલુકામાં પણ કોરોનાએ પુનઃ દેખા દીધી છે. કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તાર છત્રાલમાંથી એક ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં ૪૧૫૪ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૯ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૭૧૨ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં સતત ત્રીજે દિવસે પણ વધુ ૬ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા ૬ કેસમાં બે કેસ મહિલા દર્દીના છે. શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં સચિવાલયના ક્લાર્ક, સંરક્ષણ સેવા સાથે સંકળાયેલ કર્મયોગી, રેલવેનો ગેટમેન, ગિફ્ટસીટીની બેંક ઓફ બરોડાના કર્મયોગી તેમજ એડવોકેટનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૬, ૮, ૧૪, ૧૬, ૨૩ અને સે. ૨૭ માંથી કેસ મળી આવેલ છે. શહેરમાં આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે એક્ટીવ કેસની સંખ્યા ૫૫ થી વધુ હોવાનું જાણવા મળેલ છે. કોરોના માટે સંવેદનશીલ બનેલ સેક્ટરોમાંથી કેસો પુનઃ મળવાના શરૂ થતાં તંત્રએ આ વાતને ગંભીરતાથી લીધી છે અને સઘન સર્વેલન્સ તેમજ ટેસ્ટીંગ અને ટ્રેસીંગ પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

### કામ હાથ ધરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લાઈન તેમજ ગટર લાઈનની કામગીરી હાથ ધરવા માટે અગાઉ અભ્યાસ પણ કરવામાં આવ્યો હતો જેને અનુલક્ષીને તંત્ર દ્વારા ૪૫૦ ડાયામીટરની લાઈન નાંખવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે. માર્ગ મકાન વિભાગ તેમજ કોર્પોરેશન સાથે મળી આ વિસ્તારમાં વરસાદી પાણી સહીત નવી ગટર લાઈન નાંખવાનુ કામ પુર્ણ કરશે. જયારે આ વિસ્તારમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવા માટે પણ આયોજન કરાયુ છે. જેથી આ પુર્વે ગટર તેમજ સ્ટોર્મ વોટર લાઈનનુ કામ પુર્ણ કરી દેવા માટે પણ આયોજન કરાયુ છે. સે-૨૧ શાકમાર્કેટ વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી ગટરની જટીલ સમસ્યાને ડામવા માટે વેપારીઓ દ્વારા પણ વારંવાર રજુઆત કરવામાં આવતી હતી જયારે આ રજુઆતને ધ્યાને લઈ ત્વરિત કામગીરી પણ હાથ ધરવામાં આવશે.

### નવા પ્રમુખ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સત્તાના સૂત્રો સંભાળ્યા છે. તાજેતરમાં યોજાયેલ ચૂંટણીમાં ભાજપે ૧૯ બેઠકો પર વિજય હાંસલ કરી આ સત્તા મેળવી છે. કોંગ્રેસને નવ બેઠક મળી છે. જિલ્લા પંચાયના પ્રમુખની વરણી બિનહરિફ થશે તેમ મનાઈ રહ્યુ છે. કોંગ્રેસ પક્ષે હજુ આ અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી.

બીજી તરફ ભાજપની જિલ્લા સંકલન સમિતિની આજે બેઠક મળશે આ પછી પ્રદેશ સમિતિમાં ચૂંટણીના રિપોર્ટ સહિત નિરીક્ષકો દ્વારા તેમનો અહેવાલ રજુ કરાશે. ૧૫મીએ સાંજે અથવા ૧૬મીએ સવારે નવા પ્રમુખ કોણ હશે તે ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

### સ્માર્ટ સીટીમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ મામલે સે-૨૪ ડ્રેનેજ ઈન્કવાયરીમાં રજુઆત કરવા છતા હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી. આ અન્વયે પાટનગર યોજના વિભાગમાં ડિવીઝન કક્ષાએ પણ રજુઆત કરવામાં આવી છે. પરંતુ આ સમસ્યા હલ થઈ શકી નથી. શહેરના સેકટરોમાં પણ વારંવાર ગટરના દુષિત પાણી ઉભરાય છે. ગાંધીનગરને સ્માર્ટ સીટી બનવવા માટે નવી ગટર લાઈન નાંખવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવનાર છે. શહેરને સ્માર્ટ બનાવવા માટે વિકાસના અનેકવિધ પ્રોજેકટ પાછળ કરોડો રૂપિયા ખર્ચાય છે. પરંતુ પાણી ગટર અને રસ્તાના માળખાગત સુવિધાના પણ હજુ ઠેકાણા પડતા નથી ત્યારે ગુંગળામણ અનુભવવી પડે તેવી સ્થિતિના લીધે સ્થાનિકોમાં પ્રબળ આક્રોશની લાગણી વ્યાપી છે. પાટનગર યોજના વિભાગના અધિકારીઓએ પણ આ મામલે સ્થળ તપાસ કરી પ્રશ્નનુ નિરાકરણ લાવવા માટે કામગીરી હાથ ધરવી જોઈએ તેવી પણ માંગ ઉઠવા પામી છે.

### વિધાનસભામાં ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સૌર ઊર્જા આધારીત ચાર્જીંગ સ્ટેશન હાલમાં કાર્યરત છે. પરંતુ પ્રાયોગિક ધોરણોના સૌર ઊર્જાના વાહનોની બેટરી લાઈફ પૂર્ણ થતાં આ વ્યવસ્થા હટાવી લેવામાં આવી છે. ઊર્જામંત્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે આ પરિવહન વ્યવસ્થા ફક્ત પ્રાયોગિક ધોરણે હોઈ પેટ્રોલ-ડિઝલમાં દૈનિક ઈંધણમાં કેટલી બચત થઈ તેના અંદાજો આકારવામાં આવેલ ન હતા.

**● સરકારી આવાસો ખાલી કરવા બાબત**

મોડાસાના રાજેન્દ્રસિંહ ઠાકોરે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ ગાંધીનગર શહેરમાં નિવૃત્તિ બાદ સરકારી આવાસનો કબ્જો પરત ન સોંપ્યો હોય તેવા કેટલા અધિકારી/કર્મચારી અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે ૪૪૯ અધિકારી કર્મચારીઓએ આવાસ પરત સોંપ્યા નથી. આવા કર્મચારી-અધિકારી પાસેથી કબ્જો પરત લેવા માટે નોટીસો બજાવવામાં આવી છે તેમજ ઈવીક્શન કોર્ટ કેસ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**● નર્મદા યોજનાનો સિંચાઈ વિસ્તાર**

દહેગામના બલરાજસિંહ ચૌહાણે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ નર્મદા યોજનામાં જિલ્લાના કેટલા હેક્ટર વિસ્તારનો સમાવેશ થયેલ છે તેમજ ઉક્ત સ્થિતિએ કેટલા વિસ્તારમાં નહેરોનું કામકાજ પૂર્ણ થયેલ છે તેવા પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે તા. ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ નર્મદા યોજનામાં જિલ્લાના ૧૨,૬૬૫.૮૧ હેક્ટર પિયત વિસ્તારનો સમાવેશ થયેલ છે.

તેમણે જણાવ્યુ હતુ કે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ માઈનોર કેનાલ સુધી ૧૨,૬૬૫.૮૧ હેક્ટર પિયત વિસ્તારમાં અને સબ માઈનોર સુધી ૧૨,૩૯૭.૦૩ હેક્ટર પિયત વિસ્તારમાં નહેરોના કામ પૂર્ણ થયેલ છે.

**● પ્રિ. મેટ્રીક શિષ્યવૃત્તિ**

ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની પ્રિ. મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ શિષ્યવૃત્તિ મંજૂર કરવામાં આવી તેવા પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ જણાવ્યુ છે કે ૧,૧૦,૭૯૩ વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મંજૂર કરવામાં આવી છે. આ શિષ્યવૃત્તિ પેટે રૂ. ૧૧,૨૭,૬૦,૦૫૦ની રકમ પણ વિદ્યાર્થીઓને ચુકવી આપવામાં આવેલ છે.

**● ડિસેબલ પેન્શન યોજના**

નિકોલના ધારાસભ્ય જગદીશભાઈ વિશ્વકર્માએ વર્ષ ૨૦૨૦માં ઈન્દિરા ગાંધી ડિસેબલ પેન્શન યોજના અંતર્ગત જિલ્લામાં મળેલ અરજીઓ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ જણાવ્યુ હતુ કે ૧૨ અરજીઓ કેલેન્ડર વર્ષ ૨૦૨૦માં મળી હતી.

તેમણે જણાવ્યુ કે મળેલી આ અરજીઓ મંજૂર કરી અને રૂ, ૫૦,૪૦૦ની સહાય પણ ચુકવી આપવામાં આવેલ છે.

**● પાલક માતા-પિતા યોજના**

મણિનગરના ધારાસભ્ય સુરેશભાઈ પટેલે જિલ્લામાં પાલક માતા-પિતા યોજના અંતર્ગત મળેલ અરજીઓ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ જણાવ્યુ હતુ કે ૫૭ અરજીઓ તંત્રને મળી હતી. આ પૈકી ૫૬ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને તે અન્વયે રૂ. ૧૧,૧૦,૦૦૦ની સહાય પણ ચુકવી આપવામાં આવી છે.

**● વીજશુલ્કમાં માફી**

કોંગીના સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વીજશુલ્કમાં માફી આપવા અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં ઊર્જામંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૮૮૧ ઔદ્યોગિક એકમોને રૂ. ૨૦૪૧.૧૪ લાખની માફી આપવામાં આવી છે. તેમણે વિગતો આપતાં જણાવ્યુ છે કે તા. ૧-૧-૧૯ થી ૩૧-૧૨-૧૯ સુધીમાં ૪૩૭ એકમોને રૂ. ૧૦૭૯.૦૯ લાખ અને તા. ૧-૧-૨૦ થી તા. ૩૧-૧૨-૨૦ સુધીમાં ૪૪૪ એકમોને રૂ. ૯૬૨.૦૫ લાખની વીજશુલ્ક માફી આપવામાં આવી છે. આ માફી આપવાના કારણો જણાવતાં મંત્રીએ જણાવ્યુ હતુ કે ગુજરાત રાજ્યમાં નવા સ્થપાયેલ ઉત્પાદક્ષીય ઔદ્યોગિક એકમને તેમજ વધારાના ઉત્પાદકીય એકમોને આર્થિક સહાય મળે તે હેતુથી ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ ૧૯૫૮ની કલમ ૩(૨)(૭) અને ૩(૨) (૮)ની જોગવાઈ અનુસાર મળવાપાત્ર સમયગાળા માટે વીજકર માફી આપવામાં આવેલ છે.

**● અને છેલ્લે...**

કોંગીના ડૉ. સી.જે. ચાવડાએ સરકારી કર્મચારીઓને મોંઘવારી ભથ્થાની ચૂકવણી બાબતે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે ૧-૭-૧૯ થી ૩૧-૧૨-૧૯ ના એમ છ માસના સમયગાળાના રકમની ચુકવણી બાકી હતી તે પૈકી ત્રણ માસના ગાળાની રકમની ચુકવણી કરી દેવાઈ છે અને બાકી રહેતા ત્રણ માસના ગાળાની રકમની ચુકવણી જરૂરી વિચારણા કર્યા બાદ હુકમો કરવામાં આવશે.

### આંતરિક મામલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાંસદોએ ઘરેથી જ ડિજિટલ માધ્યમથી ભાગ લીધો હતો. સાંસદ પાર્લામેન્ટમાં ફિઝિકલી હાજર રહે. ખેડૂત આંદોલનને સૌથી મોટી લેબર પાર્ટીનું સમર્થન મળ્યું છે. લેબર પાર્ટીના ૧૨ સાંસદ જેમાં લેબર પાર્ટીના પૂર્વ નેતા જેરેમી કોર્બીન પણ સામેલ હતા. તેઓએ પણ પહેલા એક ટ્વિટમાં ખેડૂતોનું સમર્થન કર્યું હતું.

આ ચર્ચા પર જવાબ આપવા નિયુક્ત કરાયેલા મંત્રી નેગલ એડમ્સે કહ્યું હતું કે, કૃષિ સુધાર ભારતનો ઘરેલૂ મુદ્દો છે. બ્રિટિશ મંત્રી અને અધિકારીઓ આ મુદ્દા પર ભારતીય સમકક્ષો સાથે સંપર્કમાં છે અને અવિશ્વસનીય રૂપે બારીકીના મુદ્દા પર નજર રાખી રહ્યા છે. મંત્રીએ કહ્યું હતું કે, ભારતની સાથે યૂએન સિક્યોરિટી કાઉન્સિલ અને જી-૭ સમિટના સારા પરિણામ મળ્યા છે.

### ઈમારતમાં આગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રેલવે અને દક્ષિણ પૂર્વ રેલવેનું ઝોનલ કાર્યાલય છે. જ્યારે ગ્રાઉન્ડ ફ્લોર પર એક કમ્પ્યુટરાઈઝ ટિકિટ બુકિંગ સેન્ટર છે. અત્યાર સુધીમાં ૯ લોકોના મોતની પુષ્ટિ થઈ ચૂકી છે. મૃતકોમાં ૪ ફાયરકર્મીઓ, બે રેલવેકર્મીઓ અને એક પોલીસકર્મી પણ સામેલ છે. મળતી માહિતી મુજબ આ બધા લિફ્ટથી ઉપર જઈ રહ્યા હતા પરંતુ અધવચ્ચે જ લાઈટ જતી રહી. પૂર્વ રેલવેએ જણાવ્યું કે સોમવારે રાતે ૧૧ વાગે આગ પર કાબૂ મેળવી લેવાયો. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અડધી રાતે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમણે અકસ્માતમાં જીવ ગુમાવનારા લોકોના પરિજનોને ૧૦ લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી. આ ઉપરાંત એક સભ્યને નોકરી પણ આપવાનું કહ્યું. મમતા બેનર્જીએ આ દુર્ઘટના માટે રેલવેને પણ જવાબદારી ઠેરવ્યું અને કહ્યું કે આ પ્રોપર્ટી રેલવેની છે. તેની જવાબદારી હતી પરંતુ આમ છતાં તેઓ બિલ્ડિંગનો નક્શો ઉપલબ્ધ કરાવી શક્યા નહીં. હું આ દુઃખદ ઘટના પર રાજનીતિ કરવા માંગતી નથી પરંતુ રેલવે વિભાગથી અહીં કોઈ આવ્યું નહીં. રેલવે મંત્રી પિયુષ ગોયલે આ ઘટના પર શોક વ્યક્ત કરતા કહ્યું કે આ ત્રાસદીમાં ચાર ફાયરકર્મીઓ, બે રેલવેકર્મી અને એક છજૈં સહિત ૯ લોકોના જીવ ગયા છે. તેમના પરિજનો પ્રત્યે સંવેદના પ્રગટ કરું છું. જીએમ સહિત રેલવેના અધિકારી ઘટનાસ્થળ પર છે અને રાહત તથા બચાવકાર્ય માટે રાજ્ય સરકાર સાથે મળીને કામ કરી રહ્યા છે.

### લોન માંડવાળ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ના થાય તો પછી બેંકો તેની રકમને પોતાના વતી બેલેન્સ શીટમાં ઉમેરીને લોનની અમાઉન્ટને રાઈટ-ઓફ કરી (બેલેન્સ શીટમાંથી હટાવી) દેતી હોય છે. આરબીઆઈની ગાઈડલાઈન્સ અને બેંકોના બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવેલી પૉલિસી હેઠળ બેડ લોનના ચાર વર્ષ પૂરા થયા હોય અને તેનું ફુલ પ્રોવિઝન પણ કરાઈ ચૂક્યું હોય, તેમને બેંકની બેલેન્સ શીટમાંથી બહાર કરી દેવાઈ છે. આ માહિતી રાજ્યકક્ષાના નાણાંમંત્રી અનુરાગ ઠાકુરે લોકસભામાં આપી હતી.

ઠાકુરે જણાવ્યું હતું કે, બેંકો પોતાની બેલેન્સ-શીટ ચોખ્ખી કરવાની કવાયત નિયમિત રીતે હાથ ધરતી હોય છે, અને તેના ભાગરુપે જે લોનની વસૂલી અટવાઈ ગઈ હોય, તેનું પ્રોવિઝન કરીને તેની અસરનું આકલન કરાતું હોય છે. તેમાં બેંક આરબીઆઈની ગાઈડલાઈન અનુસાર તેમજ પોતાના બોર્ડ દ્વારા મંજૂર કરાયેલી પૉલિસીને આધિન રહી ટેક્સ બેનિફિટ અને મૂડીનો ઉપયોગ કરવાનો ઉદ્દેશ પણ સામેલ છે.